# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-02-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , દેશવાસીઓમાં સાયબર સુરક્ષા અંગે વધુ જાગૃતિ ફેલાવવાની જરૂર.
2) હાથીપગા રોગ નાબૂદી માટે રાજ્યના ત્રણ જિલ્લામાં આજથી દવા વિતરણ કાર્યક્રમનો પ્રારંભ.
3) અમદાવાદ વિમાનમથક પરથી 30 કરોડ રૂપિયાનો કેફી પદાર્થનો જથ્થો પકડાયો.
4) જુનાગઢમાં આવતીકાલથી શરૂ થનારા મહાશિવરાત્રિના મેળા માટે વિશેષ વ્યવસ્થા – એસ.ટી. નિગમ દ્વારા વધારાની 195 બસ દોડાવાશે.
5) છોટાઉદેપુરના દિવ્યાંગ ખેલાડીઓએ હરિયાણામાં રમાયેલી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં પાંચ ચંદ્રક જીત્યા.

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# EARLY-SHAH- CYBER

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાયબર સુરક્ષા દેશની સલામતી સાથે જોડાયેલી હોવાનું જણાવ્યું. નવી દિલ્હીમાં આજે સાયબર છેતરપિંડીને નાબૂદ કરવા અને તેના સમગ્ર માળખાને તોડી પાડવા અંગેની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે કહ્યું કે, સરકારે દેશમાં સાયબર ગુનાને નાબૂદ કરવા ઘણી પહેલ શરૂ કરી છે. તેમણે ઉમેર્યું કે , ભારતીય સાયબર ગુના સંકલન કેન્દ્ર - I-4-C સાયબર ગુના સામે એક મહત્વનું મંચ બની ગયું છે. તેમણે દેશવાસીઓમાં સાયબર સુરક્ષા અંગે વધુ જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર પણ ભાર આપ્યો.

**(બાઇટ- AMIT SHAH )**

. . . . . . . . . . . .

# PHARMA SEC INDIA US DEAL

અમેરિકાએ ભારત પર ટૅરિફ એટલે કે વેરો ઘટાડતા દેશભરના ઉદ્યોગપતિઓ આ નિર્ણયને આવકારી રહ્યા છે. ત્યારે સુરતના દવા ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિ કેતન ઝોટાએ પ્રતિક્રિયા આપતા કહ્યું , ભારત અને અમેરિકા વચ્ચે થયેલા આ કરારથી ઘણો લાભ થશે.

(BYTE: KETAN ZOTA, INDUSTRIALIST)

. . . . . . . . . . . . .

# GNR MANTRI TALIM

ગાંધીનગરમાં નવનિયુક્ત કૅબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓને “નૅશનલ ઇ-વિધાન ઍપ્લિકેશન – નેવા”-ની તાલીમ અપાઈ. નૅવા સેવા કેન્દ્ર ખાતે યોજાયેલી તાલીમ દરમિયાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું, મંત્રીઓની કામગીરી વધુ સરળ બને તે માટે આ ઍપ્લિકેશન ઉપયોગી બનશે. વિધાનસભાનું સમગ્ર કામ ઑનલાઈન કરાયું હોવાથી મંત્રીઓ ઍપ્લિકેશનના ઉપયોગથી વધુ માહિતગાર બને તે હેતુથી તેમને તાલીમ અપાઈ છે.

આગામી 15-મી વિધાનસભાના આઠ-મા સત્રમાં મંત્રીઓ નૅવા ઍપ્લિકેશનથી પોતાની કામગીરીના જવાબ પેપરલૅસ આપી શકશે.

. . . . . . . . . . . . .

# ELEPHANTIASIS ERADICATION 3RD ROUND

હાથીપગા રોગ નાબૂદીના લક્ષ્યને હાંસલ કરવાના હેતુસર આજથી ત્રણ દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં સામૂહિક દવા વિતરણ કાર્યક્રમના ત્રીજા તબક્કાનો પ્રારંભ થયો. નેત્રન્ગ , નાન્દોદ, ડેડિયાપાડા અને વઘઈમાં આ કાર્યક્રમ અંતર્ગત ચાર તાલુકાની પાંચ લાખ વસતિને આવરી લેવાશે.

સત્તાવાર યાદી મુજબ , સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કુલ 17 જિલ્લા હાથીપગા રોગ માટે સંવેદનશીલ ગણાય છે. આ અભિયાન અંતર્ગત અગાઉ હાથીપગા રોગ માટેના સંવેદનશીલ ન હોય તેવા જિલ્લાઓ અને મહાનગરમાં લોહી અંગેના સરવેની કામગીરી હાથ ધરાઈ હતી.

આ પરીક્ષણ બાદ ભરૂચનો નેત્રંગ તાલુકો, નર્મદાનો નાંદોદ અને ડેડીયાપાડા અને ડાંગનો વઘઇ તાલુકો આમ ત્રણ જિલ્લાના કુલ ચાર તાલુકાના વિસ્તારોના લોહીના નમૂનામાં હાથીપગા રોગના કૃમિ જોવા મળ્યા હતા.

. . . . . . . . . . . . .

# AHD AIRPORT DRUGS

અમદાવાદમાં કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ વિમાનમથક પરથી અંદાજે 30 કરોડ રૂપિયાનો કેફી પદાર્થનો જથ્થો કબજે કર્યો છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, અમદાવાદ વિમાનમથક પરથી છ કિલોના કેફી પદાર્થ સાથે કસ્ટમ્સ વિભાગે આ જથ્થો લાવનારા ચેન્નઈના વ્યક્તિને ઝડપી પાડ્યો છે.

પેસેન્જર પ્રોફાઇલિંગના આધારે અમદાવાદ કસ્ટમ્સના એર ઇન્ટેલિજેન્સ યુનિટના અધિકારીઓએ વિમાનમથકમાં કુઆલાલુમ્પુરથી આવતા આ પુરુષને અટકાવ્યો હતો. તેના સામાનની તપાસ કરતા કુદરતી અને હર્બલ સાબુના બોક્સમાં સંતાડેલા પ્રતિબંધિત માદક દ્રવ્ય ધરાવતા 29 પેકેટ જપ્ત કરાયા.

. . . . . . . . . . . . .

# ED RAID IN AHMEDABAD

પ્રવર્તન નિદેશાલય – EDની હૈદરાબાદ ઝૉનલ કચેરીએ અમદાવાદમાં ગેરકાયદે કૉલ સેન્ટર કૌભાંડ મામલે છ સ્થળ પર દરોડા પાડ્યા. આરોપીઓ વિદેશના નાગરિકો સાથે છેતરપિંડી કરતા હોવાનું ED-ની તપાસમાં જણાયું છે.

તપાસ અભિયાન દરમિયાન મુખ્ય આરોપીઓ પૈકીના એક આરોપી પાસેથી 12 હજાર અમેરિકી ડૉલરની ક્રિપ્ટોકરન્સી અને 13 લાખ 50 હજાર રૂપિયાથી વધુની રોકડ રકમ જપ્ત કરવામાં આવી. ઉપરાંત ગુનાહિત દસ્તાવેજ અને મહત્વના ડેટા ધરાવતા ડિજિટલ ઉપકરણની રિકવરી અને જપ્તી કરવામાં આવી. ઉપરાંત ED-એ 31 બૅન્ક ખાતા અને એક બૅન્ક લૉકરને ટાંચમાં લીધા છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GANDHIDHAN TRAIN TESTING

કચ્છમાં આદિપુર-ગાંધીધામ વચ્ચે ત્રીજી અને ચોથી રેલવે લાઈનનું સફળ પરીક્ષણ કરાયું. રેલવે સુરક્ષા કમિશનરની ઉપસ્થિતિમાં 120 કિલોમીટરની ઝડપે 10 કિલોમીટર સુધી ટ્રેન દોડાવી તેનું નિરીક્ષણ કરાયું.

ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ અને આદિપુર મથક પર વાય કનેક્ટીવિટીનું કામ પૂર્ણ થયું છે. હાલમાં આ વિસ્તારમાંથી પચાસથી 60 માલગાડીનું સંચાલન થઈ રહ્યું છે. જે વધીને 150 સુધી થશે. આ રેલવે લાઈન પર 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટ્રેન દોડવાશે.

. . . . . . . . . . . . .

# SABARKANTHA JAGRUTI RATH

સાબરકાંઠામાં બાળલગ્ન મુક્ત રથથી લોકોને જાગૃત કરાશે. બાળલગ્ન જેવી બદીને નાબૂદ કરવાના હેતુસર જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાન્દુએ આજે રથનું પ્રસ્થાન કરાવ્યું. આ રથ દ્વારા વિવિધ તાલુકામાં લોકોને બાળલગ્નના ગેરલાભ અને કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતી અપાશે.

. . . . . . . . . . . . . .

# BHAVNATH MELO TAIYARI

ગિરનારની તળેટીમાં આવતીકાલથી શરૂ થનારા મહાશિવરાત્રિના મેળાને લઈ તંત્ર દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે. ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મેળાનો વિધિવત્ પ્રારંભ થશે. જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પવિત્ર સાધુ-સંતોનો ભવ્ય નગરપ્રવેશ કરાશે. તો , એસ. ટી. નિગમ દ્વારા ભક્તો માટે વધારાની 195 બસમાં સાત હજાર 800થી વધુ ફેરાનું સંચાલન કરાશે. તેનાથી ત્રણ લાખ 70 હજારથી વધુ મુસાફરોને સુવિધા પરિવહન સુવિધા પૂરી પડાશે.

(VOICECAST: PRAVESH ADIACHA)

*(.... દેવાધિદેવ મહાદેવના સાંનિધ્યમાં ભક્તિ , સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે જુનાગઢમાં આવતીકાલથી મહાશિવરાત્રિ મેળાનો પ્રારંભ થશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે વિશેષ તૈયારી કરવામાં આવી છે. મેળાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને દીપાવવા આ વર્ષે પહેલી વાર ભવ્ય "ડમરૂં યાત્રા" પણ યોજાશે. જ્યારે યાત્રાળુઓ માટે 800 ભાવિકોની ક્ષમતા ધરાવતું વિશાળ ડોમ / તંબુ પણ તૈયાર કરાયા છે. તો, વાહન પાર્કિંગ માટે 25 સ્થળ પર વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ સમગ્ર ભવનાથ મેળા વિસ્તારને પણ વિશેષ શણગાર કરાયો છે. બીજી તરફ, ભક્તોના ધસારાને જોતા એસ.ટી. નિગમ દ્વારા જુનાગઢ બસમથકથી ગિરનાર તળેટી સુધી જવા દરરોજ 80 વધારાની બસનું સંચાલન કરાશે. આંતર–જિલ્લા સુવિધા માટે આસપાસના જિલ્લાઓમાંથી આવતા ભક્તો માટે જુનાગઢ ડિવિઝનની 65 અને અન્ય ડિવિઝનની 50 મળીને કુલ 115 એક્સપ્રેસ બસ દોડાવાશે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

. . . . . . . . . . . . .

# SOMNATH MAHASHIVRATRI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં પણ મહાશિવરાત્રિની ધામધૂમપૂર્વક ઉજવણી કરાશે. તેને લઈ મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ તૈયાર કરવામાં આવી હોવાનું શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું.

(BYTE: VIJAYSINH CHAVDA, GENERAL MANAGER,
SHREE SOMNATH TRUST)

. . . . . . . . . . . . .

# BOARD STUDENTS

રાજ્યના ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટેની ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર 1800-233-5500 બાર ફેબ્રુઆરીથી આગામી 18 માર્ચ સુધી કાર્યરત્ રહેશે. આ હેલ્પલાઈનમાં નિષ્ણાતો અને મનોચિકિત્સકો દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓને જરૂરી માર્ગદર્શન અપાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR MEDAL

છોટાઉદેપુરના દિવ્યાંગ ખેલાડીઓએ હરિયાણામાં રમાયેલી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં પાંચ ચંદ્રક જીત્યા. રોહતકમાં યોજાયેલી વિશેષ ઑલિમ્પિક્સ રાષ્ટ્રીય સ્પર્ધામાં ખેલાડી પ્રવીણ ચારણે 400 મીટર અને રિલે દોડમાં સુવર્ણ તથા 200 મીટર દોડમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. જ્યારે ઉર્મિલા રાઠવાએ ગોળા ફેન્ક અને લાંબી કૂદ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યાં છે.

સમગ્ર શિક્ષા સમાવેશી શિક્ષણ શાખા અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરી આ ખેલાડીઓ રાષ્ટ્રીયકક્ષાએ પહોંચ્યા છે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. હાલમાં 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે જૂનાગઢનું કેશોદ સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે દીવમાં 13, નલિયા અને કંડલા વિમાનમથકમાં 14 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયાનાં અહેવાલ છે.

આ સિવાયના જિલ્લા અને શહેરોમાં લઘુત્તમ તાપમાનનો પારો 15 ડિગ્રી સેલ્સિયસ અને તેનાથી વધુનો રહ્યો છે.

. . . . . . . . . . . . .

# DANG LOKMELA SAMITI

ડાંગ જિલ્લામાં આગામી સમયમાં યોજાનારા ભાતિગળ લોકમેળા "ડાંગ દરબાર " માટે તંત્ર દ્વારા તૈયારી હાથ ધરાઈ. લોકમેળામાં આવનારા મહાનુભાવોની વ્યવસ્થાઓ તથા ડાંગની ઐતિહાસિક પરંપરા મુજબ રાજવીશ્રીઓના સન્માન અને રાજકીય પેન્શન એનાયત કરવાના કાર્યક્રમ સંબંધિત આનુષાંગિક વ્યવસ્થાઓ અંગે જિલ્લાકક્ષાની વિવિધ સમિતિ રચવામાં આવી છે.

કલેક્ટર શાલિની દુહાને આ તમામ સમિતિઓને તેમની કામગીરીથી અવગત કરાવી લોકમેળામાં લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવા પર ભાર આપ્યો.

. . . . . . . . . . . . .